Monday
31.10.2022
*Volume :7 *Issue No.90
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ ગુજરાતના વડોદરા ખાતે C-295 એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધાનો શિલાન્યાસ કર્યો

## "અમે ૨૦૨૫ સુધીમાં અમારા સંરક્ષણ ઉત્પાદનને $25 અબજથી આગળ વધારવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આપણી સંરક્ષણ નિકાસ પણ $5 અબજનો આંકડો ઓળંગી જશે"









"મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ ગ્લોબ"ના મંત્ર સાથે ભારત આગળ વધી રહ્યું છે"

"પ્રખ્યાત સાંસ્કૃતિક અને શિક્ષણનું કેન્દ્ર વડોદરા હવે ઉડ્ડયન ક્ષેત્રના હબ તરીકે નવી ઓળખ ઉભી કરશે"

"હવાઇ ટ્રાફિકના સંદર્ભમાં આપણે હવે વિશ્વના ટોચના ત્રણ દેશોમાં પ્રવેશ કરવા જઇ રહ્યા છીએ"









"મહામારી, યુદ્ધ અને પુરવઠા સાંકળમાં ખેલલ પડી હોવા છતાં ભારતે પોતાના વિકાસની ગતિને એકધારી જાળવી રાખી છે"









"આજે, ભારત નવી માનસિકતા, નવી કાર્ય સંસ્કૃતિ સાથે કામ કરી રહ્યું છે"

## "ભારત ઓછા ખર્ચે ઉત્પાદન અને ઉચ્ચ ઉત્પાદનની તકો રજૂ કરી રહ્યું છે"



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના વડોદરા ખાતે C-295 એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધાનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે આત્મનિર્ભર ભારત અંતર્ગત એરોસ્પેસ ઉદ્યોગમાં ટેકનોલોજીકલ અને વિનિર્માણની પ્રગતિ દર્શાવતા પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનસભાને સંબોધન આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે આપણે ભારતને દુનિયાનું વિનિર્માણનું હબ બનાવવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે. તેમણે જણાવ્યુ હતું કે, ભારત ફાઇટર જેટ, ટેંક, સબમરીન, દવાઓ, રસીઓ, ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ, મોબાઇલ ફોન અને કારનું નિર્માણ કરી રહ્યું છે જે ઘણા દેશોમાં લોકપ્રિય છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, ભારત 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ ગ્લોબ'ના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે અને હવે ભારત સમગ્ર દુનિયામાં ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું વિશાળ ઉત્પાદક બની રહ્યું છે.

પ્રધાનમંત્રીએ આગળ ઉમેર્યું હતું કે, તેઓ જોઈ શકે છે કે, ભારત ટૂંક સમયમાં મોટા મુસાફર એરક્રાફ્ટ્સનું ઉત્પાદન કરશે જેના પર ગૌરવપૂર્ણ 'મેડ ઈન ઈન્ડિયા' શબ્દો અંકિત કરેલા હશે. તેમણે જણાવ્યું હતું કે, આજે જેના માટે શિલાન્યાસ કરવામાં આવ્યો છે તે સુવિધામાં દેશના સંરક્ષણ અને પરિવહન ક્ષેત્રને બદલવાની તાકાત છે. તેમણે ટાંક્યું હતું કે, ભારતીય સંરક્ષણ ક્ષેત્રમાં આટલું મોટું રોકાણ પહેલીવાર થઈ રહ્યું છે. અહીં ઉત્પાદિત ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ્સ માત્ર સશસ્ત્ર દળોને જ તાકાત પૂરી પાડશે એવું નથી પરંતુ તે એરક્રાફ્ટ ઉત્પાદનની નવી ઈકોસિસ્ટમ વિકસાવવામાં પણ મદદ કરશે. તેમણે જણાવ્યું હતું કે, "પ્રખ્યાત સાંસ્કૃતિક અને શિક્ષણનું કેન્દ્ર વડોદરા હવે ઉડ્ડયન ક્ષેત્રના હબ તરીકે નવી ઓળખ ઉભી કરશે". પ્રધાનમંત્રીએ એ હકીકત અંગે ખુશી વ્યક્ત કરી હતી કે, ૧૦૦ થી વધુ સ્ઈસ્ઈ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું હતું કે, 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ ગ્લોબ'ના વચનને આ ભૂમિમાંથી નવો પ્રવેગ મળશે કારણ કે આ પ્રોજેક્ટ ભવિષ્યમાં અન્ય દેશોમાં નિકાસ કરવા માટેના ઓર્ડર લઈ શકશે. પ્રધાનમંત્રીએ ભારતમાં ઝડપથી વિકાસ પામી રહેલા ઉડ્ડયન ક્ષેત્ર અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, હવાઈ ટ્રાફિકના સંદર્ભમાં આપણે દુનિયાના ટોચના ત્રણ દેશોમાં સામેલ થવા જઈ રહ્યા છીએ. તેમણે જણાવ્યું હતું કે, UDAN યોજના સંખ્યાબંધ મુસાફરોને હવાઈ પ્રવાસીઓમાં રૂપાંતરિત કરવામાં મદદ કરી રહી છે. પેસેન્જર અને માલવહનના વિમાનોની વધી રહેલી માંગ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતને આગામી ૧૫ વર્ષમાં ૨૦૦૦ થી વધુ વિમાનની જરૂર પડવાની છે. પ્રધાનમંત્રીએ એ બાબતે સૌનું ધ્યાન દોર્યું હતું કે, આજે કરવામાં આવેલો શિલાન્યાસ આ દિશામાં લેવામાં આવેલું એક નિર્ણાયક પગલું છે અને ભારતે તેના માટે પહેલાંથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શ્રી મોદીએ એ વાત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે, દુનિયા અત્યારે કોરોના મહામારી અને યુદ્ધથી ઘેરાયેલી છે અને પુરવઠા સાંકળમાં પણ ખલેલ પડી છે તેવી સ્થિતિમાં ભારતઅત્યારે દુનિયાસમક્ષ વૈશ્વિક તકો રજૂ કરી રહ્યું છે. તેમણે ટાંક્યું હતું કે, આવા કપરા સંજોગોમાં પણ ભારતે પોતાના વિકાસની ગતિ એકધારી જાળવી રાખી છે. તેમણે આ બાબતે વધુ સમજ આપતા જણાવ્યું હતું કે, પરિચાલનની સ્થિતિઓમાં નિરંતર સુધારો થઈ રહ્યો છે અને ભારત ઓછા ખર્ચ તેમજ ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "ભારત ઓછા ખર્ચે ઉત્પાદન કરવાની અને ઉચ્ચ કક્ષાના ઉત્પાદન માટેની તકો રજૂ કરી રહ્યું છે". તેમણે આગળ ઉમેર્યું હતું કે, ભારતમાં કૌશલ્ય ધરાવતું માનવબળ સાથેનો ખૂબ જ વિશાળ ટેલેન્ટ પૂલ છે. છેલ્લા ૮ વર્ષ દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત દેશમાં વિનિર્માણ ક્ષેત્ર માટે અભૂતપૂર્વ માહોલ ઊભો કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા ઉભી કરતી વખતે એક સરળ કોર્પોરેટ ટેક્સ માળખું બનાવવા માટે, ૧૦૦ ટકા FDI નો માર્ગ મોકળો કરવો, ખાનગી કંપનીઓ માટે સંરક્ષણ અને અવકાશ ક્ષેત્રોના દ્વાર ખોલવા, ૨૯ કેન્દ્રીય શ્રમ કાયદાઓને ૪ શ્રમ સંહિતામાં સુધારીને ૩૩,૦૦૦ અનુપાલનો નાબૂદ કરવા અને અને લગભગ એક ડઝન જેટલા ટેક્સના જટિલ માળખાનો અંત લાવીને કરીને વસ્તુ અને સેવા કર (GST)ની રચના કરવા જેવા ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, "આજે ભારતમાં આર્થિક સુધારાની નવી ગાથા લખાઈ રહી છે અને રાજ્યો ઉપરાંત વિનિર્માણ ક્ષેત્ર આનો સૌથી વધુ ફાયદો ઉઠાવી રહ્યું છે." પ્રધાનમંત્રીએ સફળતા પ્રાપ્ત થવા પાછળ લોકોની બદલાયેલી માનસિકતાને શ્રેય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "આજે, ભારત એક નવી માનસિકતા, નવી કાર્ય સંસ્કૃતિ સાથે કામ કરી રહ્યું છે". તેમણે તે સમયને પણ યાદ કર્યો જ્યારે શાસનની કલ્પના એવી હતી કે સરકાર જ બધુ જાણે છે, જે એવી માનસિકતા છે કે તેના કારણે દેશની પ્રતિભા અને ખાનગી ક્ષેત્રની તાકાત દબાઈ જાય છે. તેમણે કહ્યું હતુ કે, "હવે 'સબ કા પ્રયાસ'ને અનુસરીને, સરકારે જાહેર અને ખાનગી ક્ષેત્રને સમાન મહત્વ આપવાનું શરૂ કર્યું છે. પ્રધાનમંત્રીએ અગાઉની સરકારના કામચલાઉ અભિગમ અંગે પણ અફસોસ વ્યક્ત કર્યો હતો જેમાં વિનિર્માણ ક્ષેત્રને સબસિડી દ્વારા ભાગ્યે જ કાર્યરત રાખવામાં આવ્યું હતું. લોજિસ્ટિક્સ, વીજ પુરવઠા અથવા પાણી પુરવઠા જેવી પાયાની સુવિધાઓ પ્રત્યે ઉપેક્ષા કરવામાં આવતી હતી. તેમણે કહ્યું હતું કે, "અમે નિર્ણય લેવાનો કામચલાઉ અભિગમ ત્યજી દીધો છે અને રોકાણકારો માટે વિવિધ નવા પ્રોત્સાહનો સાથે આગળ આવ્યા છીએ. અમે ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન (PLI) યોજનાની શરૂઆત કરી છે, જેના કારણે દેખીતી રીતે પરિવર્તન આવ્યું છે. આજે અમારી નીતિઓ સ્થિર, અનુમાન થઈ શકે તેવી અને ભવિષ્યવાદી છે", પ્રધાનમંત્રીએ એવા સમયને પણ યાદ કર્યો જ્યારે સેવા ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો વિચાર સર્વોપરી રહેતો હતો કારણ કે તે સમયે વિનિર્માણનું ક્ષેત્ર પહોંચની બહાર હોવાનું માનવામાં આવતું હતું. તેમણે કહ્યું હતું કે, "આજે અમે સેવાઓ અને વિનિર્માણ, એમ બંને ક્ષેત્રોમાં સુધારો કરી રહ્યા છીએ". તેમણે એક એવા સર્વગ્રાહી અભિગમના મહત્વને રેખાંકિત કર્યું હતું જેમાં ઉત્પાદન અને સેવા, બંને ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હોય. તેમણે ઉમેર્યું હતું કે, "આજે ભારત વિનિર્માણના ક્ષેત્રમાં સૌથી આગળ રહેવાની તૈયારી કરી રહ્યું છે". પ્રધાનમંત્રીએ ટાંક્યુંહતું કે, "છેલ્લાં ૮ વર્ષ દરમિયાન અમે કૌશલ્ય વિકાસપર ધ્યાન કેન્દ્રિત કર્યુંછે અને તેના માટે માહોલ ઉભો કર્યો છે જેના કારણે આ શક્ય બન્યું છે. આ તમામ પરિવર્તનોને આત્મસાત કરવાથી, આજે વિનિર્માણ ક્ષેત્રમાં ભારતની વિકાસયાત્રા આ તબક્કે પહોંચી છે". સરકારની રોકાણ માટે મૈત્રીપૂર્ણ નીતિઓ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ટીપ્પણી કરી હતી કે, તેના ફાયદા FDIમાં સ્પષ્ટપણે જોવા મળે છે. તેમણે આગળ ઉમેર્યું હતું કે, "છેલ્લા આઠ વર્ષમાં, ૧૬૦થી વધુ દેશોની કંપનીઓએ ભારતમાં રોકાણ કર્યું છે". તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવા વિદેશી રોકાણો અમુક ઉદ્યોગો પૂરતા જ સિમિત નથી રહ્યાં પરંતુ અર્થતંત્રના ૬૧ ક્ષેત્રોમાં ફેલાયેલા છે અને ભારતના ૩૧ રાજ્યોને આવરી લે છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, માત્ર એરોસ્પેસ ક્ષેત્રમાં જ $3 અબજથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ ક્ષેત્રમાં ૨૦૦૦ થી ૨૦૧૪ દરમિયાન જેટલું રોકાણ કરવામાં આવ્યું હતું તેની સરખામણીએ ૨૦૧૪ પછી, આ ક્ષેત્રમાં થયેલા રોકાણમાં ૫ ગણો વધારો થયો છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આવનારા વર્ષોમાં સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રો આત્મનિર્ભર ભારત અભિયાનના નિર્ણાયક આધાર સ્તંભો બનવાના છે. તેમણે ઉમેર્યું હતું કે, "અમે ૨૦૨૫ સુધીમાં આપણા સંરક્ષણ વિનિર્માણને ઈ૨૫ અબજથી આગળ લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આપણી સંરક્ષણ નિકાસ પણઈ૫ અબજનો આંકડો ઓળંગી જશે." પ્રધાનમંત્રી એ સૌનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમાં તૈયાર કરવામાં આવી રહેલા સંરક્ષણ કોરિડોર આ ક્ષેત્રને આગળ ધપાવવામાં ખૂબ જ મદદ કરશે.

શ્રી મોદીએ ગાંધીનગરમાં અત્યાર સુધીમાં યોજાયેલા સૌથી મોટા ડેફ-એક્સપોનું આયોજન કરવા બદલ સંરક્ષણ મંત્રાલય અને ગુજરાત સરકારની પણ પ્રશંસા કરી હતી. તેમણે રેખાંકિત કર્યું હતું કે, ડેફ-એક્સપોમાં પ્રદર્શિત કરવામાં આવેલા તમામ સાધનો અને ટેકનોલોજીઓ ભારતમાં વિકસાવવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, "પ્રોજેક્ટ C-295નું પ્રતિબિંબ આગામી વર્ષોના ડેફ-એક્સપોમાં પણ આપણને જોવા મળશે". પોતાના સંબોધનના સમાપન વખતે, પ્રધાનમંત્રીએ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોને હાલના સમયમાં દેશમાં આવી રહેલા અભૂતપૂર્વ રોકાણના વિશ્વાસનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, દેશના સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં મદદ કરવા માટે હજુ વધુ વિચાર કરવો જોઈએ. પ્રધાનમંત્રીએ સંશોધન ક્ષેત્રો ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા પર પણ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ પોતાની વાતના સમાપનમાં જણાવ્યું હતું કે, "જો આપણે આ દિશામાં આગળ વધીશું, તો આપણે આવિષ્કાર અને વિનિર્માણની વધુ મજબૂત ઈકોસિસ્ટમને વિકસાવી શકીશું. તમારે હંમેશા સબકા પ્રયાસનો મંત્ર યાદ રાખવાનો છે". આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, ટાટા સન્સના ચેરમેન શ્રી એન. ચંદ્રશેખરન અને એરબસના ચીફ કોમર્શિયલ ઓફિસર શ્રી ક્રિશ્ચિયન શેરર ઉપસ્થિત રહ્યા હતા.


# પ્રધાનમંત્રીએ જમ્મુ અને કાશ્મીર રોજગાર મેળાને સંબોધન કર્યું

**“હવે સમય આવી ગયો છે કે જૂના પડકારોને પાછળ છોડી દેવા જોઈએ અને નવી શક્યતાઓનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ”**

**"વિકાસની ઝડપી ગતિ માટે, આપણે નવા અભિગમ સાથે, નવી વિચારસરણી સાથે કામ કરવું પડશે"**

**"જમ્મુ-કાશ્મીરના લોકો ભ્રષ્ટાચારને નફરત કરે છે, મને હંમેશા તેમની પીડાનો અહેસાસ થાય છે"**

**"જમ્મુ અને કાશ્મીર દરેક ભારતીયનું ગૌરવ છે આપણે સૌ સાથે મળીને જમ્મુ-કાશ્મીરને નવી ઊંચાઈઓ પર લઈ જવાનું છે"**



**“અમે વિકાસનો લાભ તમામ વર્ગો અને નાગરિકોને સમાનરૂપે આપવા માટે પ્રતિબદ્ધ છીએ”**

**"માળખાગત વિકાસ અને કનેક્ટિવિટીમાં વધારો થવાને કારણે રાજ્યમાં પર્યટન ક્ષેત્રને વેગ મળ્યો છે"**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો સંદેશ મારફતે જમ્મુ અને કાશ્મીર રોજગાર મેળાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ આજે જમ્મુ અને કાશ્મીરના તેજસ્વી યુવાનો માટે એક મહત્વપૂર્ણ દિવસ તરીકે ગણાવ્યો હતો. તેમણે જમ્મુ-કાશ્મીરમાં ૨૦ અલગ-અલગ સ્થળોએ સરકારમાં કામ કરવા માટે નિમણૂક પત્રો મેળવનાર તમામ ત્રણ હજાર યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા. આ યુવાનોને પીડબલ્યુડી, આરોગ્ય વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, પશુપાલન, જલ શકિત અને શિક્ષણ-સંસ્કૃતિ જેવા વિવિધ વિભાગોમાં સેવા આપવાની તકો મળશે તેવી માહિતી તેમણે આપી હતી. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં અન્ય વિભાગોમાં ૭૦૦થી વધુ નિમણૂક પત્રો આપવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જમ્મુ અને કાશ્મીરના ઈતિહાસમાં ૨૧મી સદીના આ દાયકાનાં મહત્ત્વ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "હવે જૂના પડકારોને પાછળ છોડી દેવાનો અને નવી શક્યતાઓનો સંપૂર્ણ લાભ લેવાનો સમય આવી ગયો છે. મને ખુશી છે કે જમ્મુ-કાશ્મીરના યુવાનો તેમનાં રાજ્ય અને લોકોના વિકાસ માટે મોટી સંખ્યામાં આગળ આવી રહ્યા છે." શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણી યુવા પેઢી જ જમ્મુ અને કાશ્મીરમાં વિકાસની નવી ગાથા લખશે, જેથી રાજ્યમાં રોજગાર મેળાનું આયોજન અતિ વિશિષ્ટ બનશે. નવાં, પારદર્શક અને સંવેદનશીલ શાસન દ્વારા જમ્મુ અને કાશ્મીરના સતત વિકાસ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વિકાસની ઝડપી ગતિ માટે આપણે નવા અભિગમ સાથે, નવી વિચારસરણી સાથે કામ કરવું પડશે." તેમણે માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં આશરે ત્રીસ હજાર સરકારી જગ્યાઓ પર ભરતી થઈ છે, જેમાંથી છેલ્લાં દોઢ વર્ષમાં ૨૦,૦૦૦ નોકરીઓ આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ શ્રી મનોજ સિંહા અને રાજ્ય વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "'યોગ્યતાનાં માધ્યમથી રોજગારી'નો મંત્ર રાજ્યના યુવાનોમાં નવો આત્મવિશ્વાસ જગાવી રહ્યો છે." પ્રધાનમંત્રીએ રોજગાર અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવા માટે છેલ્લાં ૮ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાઓ પર પ્રકાશ પાડતા કહ્યું કે ૨૨ ઑક્ટોબરથી દેશના વિભિન્ન ભાગોમાં આયોજિત 'રોજગાર મેળા' તેનો એક ભાગ છે. "આ અભિયાન હેઠળ", પ્રધાનમંત્રીએ કહ્યું, "પ્રથમ તબક્કામાં આગામી કેટલાક મહિનાઓમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ લાખથી વધુ નિમણૂક પત્રો આપવામાં આવશે." તેમણે માહિતી આપી હતી કે સરકારે રોજગારને વેગ આપવા માટે રાજ્યમાં વ્યવસાયનાં વાતાવરણનો વ્યાપ વધાર્યો છે. પ્રધાનમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, નવી ઔદ્યોગિક નીતિ અને બિઝનેસ સુધારાઓ કાર્યયોજનાએ વેપાર-વાણિજ્યને સરળ કરવાનો માર્ગ મોકળો કર્યો છે, જેણે અહીં રોકાણને જબરદસ્ત વેગ આપ્યો છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, "જે ગતિએ વિકાસ સાથે સંબંધિત પ્રોજેક્ટ્સ પર કામ થઈ રહ્યું છે, તેનાથી અહીંનું સંપૂર્ણ અર્થતંત્ર બદલાઈ જશે." તેમણે ટ્રેનોથી લઈને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ સુધી કાશ્મીર સાથે જોડાણને વેગ આપતી યોજનાઓનાં ઉદાહરણો આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, શ્રીનગરથી શારજાહ સુધીની આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ શરૂ થઈ ચૂકી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અહીંના ખેડૂતોને પણ કનેક્ટિવિટી વધવાથી ઘણો મોટો ફાયદો થયો છે, કારણ કે જમ્મુ-કાશ્મીરના સફરજનના ખેડૂતો માટે હવે તેમની પેદાશો રાજ્યની બહાર મોકલવાનું સરળ બન્યું છે. પ્રધાનમંત્રીએ એ બાબત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે, સરકાર ડ્રોન મારફતે પરિવહનને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરી રહી છે. જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસીઓની સંખ્યામાં થયેલા વિક્રમી વધારા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, માળખાગત વિકાસ અને કનેક્ટિવિટીમાં વધારાને કારણે રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન મળ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અમારો પ્રયાસ છે કે સરકારી યોજનાઓનો લાભ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સમાજના દરેક વર્ગ સુધી પહોંચે." તેમણે કહ્યું કે સરકાર તમામ વર્ગો અને નાગરિકોને વિકાસનો સમાન લાભ લે એ માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ એવી જાણકારી પણ આપી હતી કે, જમ્મુ અને કાશ્મીરમાં ૨ નવી એઈમ્સ, ૭ નવી મેડિકલ કૉલેજો, રાજ્યની ૨ કેન્સર સંસ્થાઓ અને ૧૫ નર્સિંગ કૉલેજો શરૂ થવાની સાથે સ્વાસ્થ્ય અને શૈક્ષણિક માળખાને મજબૂત કરવાના પ્રયાસો ચાલુ છે. જમ્મુ અને કાશ્મીરના લોકોએ પારદર્શકતા પર હંમેશા ભાર મૂક્યો છે અને તેની પ્રશંસા કરી છે એ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ સરકારી સેવાઓમાં આવતા યુવાનોને તેને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ યાદ કર્યું હતું કે, "અગાઉ જ્યારે પણ હું જમ્મુ અને કાશ્મીરના લોકોને મળતો હતો, ત્યારે મને હંમેશા તેમની પીડાનો અનુભવ થતો હતો. સિસ્ટમમાં ભ્રષ્ટાચારની એ પીડા હતી. જમ્મુ-કાશ્મીરના લોકો ભ્રષ્ટાચારથી નફરત કરે છે." પ્રધાનમંત્રીએ જમ્મુ અને કાશ્મીરનાં લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા અને તેમની ટીમની ભ્રષ્ટાચારનાં દૂષણોને જડમૂળમાંથી ઉખાડી ફેંકવા માટે નોંધપાત્ર કામગીરી કરવા બદલ પ્રશંસા કરી હતી. સંબોધનનાં સમાપનમાં પ્રધાનમંત્રીએ ખાતરી સાથે ટિપ્પણી કરી હતી કે, જે યુવાનો આજે નિયુક્તિ પત્ર મેળવી રહ્યા છે, તેઓ સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે તેમની જવાબદારીઓ અદા કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જમ્મુ અને કાશ્મીર દરેક ભારતીયનું ગૌરવ છે. આપણે સૌ સાથે મળીને જમ્મુ-કાશ્મીરને નવી ઊંચાઈઓ પર લઈ જવાનું છે. આપણે વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતનું પણ બહુ મોટું લક્ષ્ય ધરાવીએ છીએ અને તેને પૂર્ણ કરવા માટે આપણે દ્રઢ નિશ્ચય સાથે રાષ્ટ્રનિર્માણમાં જોડાવું પડશે."



કમલમ્ ન્યુઝ,

કરજણ વિધાનસભાના નારેશ્વર ગામના અવધૂત મહારાજની પુણ્ય ભૂમિ ખાતે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંતભાઈ કોરાટની વિશેષ ઉપસ્થિતિમાં તથા ધારાસભ્યશ્રી અક્ષયભાઈ પટેલ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ સાથે બેઠક કરી,ત્યારબાદ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો #MannKiBaat કાર્યક્રમ સાંભળી પ્રેરણા મેળવી.

# વ્યારા તાલુકાના લખાલી ગામ ખાતે એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ




કમલમ્ ન્યુઝ,

વ્યારા તાલુકાના લખાલી ગામ ખાતે એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યારા તાલુકાના લખાલી ગામ મુકામે નિવૃત્ત શિક્ષક શ્રી વીરસિંગભાઈ ગામીત ના સન્માન અર્થે જીવન પ્રકાશ લખાલી આયોજીત એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ માં ડોક્ટર આરતીબેન ભીલને ઉપસ્થિત રહેવાની તક મળી. ડોક્ટર આરતીબેન ભીલ દ્વારા દીપ પ્રાગટય કરી ક્રિકેટ ટુર્નામેન્ટનું ઓપનિંગ કરવામાં આવ્યું હતું. યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટીમોએ સુંદર પર્ફોમ્સ બતાવ્યું હતું આ સાથે જીલ્લા પંચાયત સભ્ય શ્રીમતિ મધુબેન, સરપંચ શ્રીમતિ શિલ્પાબેન, વિપુલભાઈ ગામીત, ગ્રામ આગેવાનો તથા યુવા મિત્રો હાજર રહ્યાં...

# ખંભાત શહેર માં ધારાસભ્ય મયુરભાઈ રાવલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી નો મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો "મન કી બાત કાર્યક્રમ" ધારાસભ્ય શ્રી મયુરભાઈ રાવલે કંસારી મુકામે યુવા કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો. આ પ્રસંગે ન.પા પૂર્વ પ્રમુખ ચીમનભાઈ પટેલ, નાના કલોદરા તા.પં પ્રતિનિધી નીતિનભાઈ પટેલ, કંસારી સરપંચ, યુવા મોરચાના ઉપપ્રમુખ વિવેક રબારી, મહામંત્રી કિશન પટેલ, તેમજ યુવા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદ જિલ્લા ના ખંભાત શહેર માં ધી સ્તંભતીર્થ જૈન સોશિયલ નેટવર્ક ધ્વારા આયોજિત દ્વિદિવસિય ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

ધી સ્તંભતીર્થ જૈન સોશિયલ નેટવર્ક ધ્વારા આયોજિત દ્વિદિવસિય ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ ધારાસભ્ય શ્રી મયુર ભાઈ રાવલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ન.પા પ્રમુખશ્રી કામિનીબેન ગાંધી, ઓએનજીસી કેમ્બે એસેટ મેનેજરશ્રી, કૃપેન શાહ સહિત ટુર્નામેન્ટના આયોજકો, હેમેન્દ્રભાઈ શાહ, નાનકાભાઈ પટેલ સહિત સ્થાનિક અને સામાજિક આગેવાનો તેમજ વિવિધ ટીમના ખેલાડીઓ અને નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની મહેસાણા જિલ્લાના વિસનગર ભાજપ સીટના પ્રખર દાવેદાર એસ.કે.યુનિવર્સિટીના ચેરમેન શ્રી પ્રકાશભાઈ પટેલ

**વર્ષોથી પક્ષ ના અવાજને બુલંદ કરવા માટે કાર્યો કર્યા**

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ


હવે થોડાક સમયમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ચૂંટણી જાહેર થવાની તૈયારીઓમાં છે, ત્યારે અનેક દાવેદારો પક્ષની મહોર પોતાના નામે લાગે તે માટે પોતપોતાની રણનીતિ અજમાવી રહ્યા છે. તેમનું શક્તિ પ્રદર્શન અજમાવી રહ્યા છે. જ્યારે અમુક પ્રતિનિધિઓ મેદાન મારવા માટે પોતાની રીતે દાવેદારી કરી ને હોડમાં છે. તેમાંથી એક નાનો સ્વયંશિસ્ત ધરાવતો ભાજપ પક્ષનો કાર્યકર, આજે સ્વયં વટવૃક્ષ બની ગયો છે, તેને પણ અંદાજ નથી કે હું ખરેખર આ જગ્યાએ પહોંચી ગયો છું, પરંતુ વર્ષોથી પક્ષ ના અવાજને બુલંદ કરવા માટે કાર્યો કર્યા હોય,લગભગ અડધું જીવન સમર્પિત કરી દીધું હોય તેવા વિસનગરના રાજકીય અને સેવાકીય સક્ષમ ઉમેદવાર ફક્ત અને ફક્ત શ્રી પ્રકાશભાઈ પટેલ દેખાઈ રહ્યા છે. આજે આખો વિસનગર તાલુકો મેડિકલ ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે તેમની સેવાઓનો લાભ લઈ રહ્યો છે. આમ તો, વર્ષોથી તેમના દાદા શ્રી સ્વ.સોકળચંદભાઈ પટેલને વિસનગર તાલુકો ઓળખે છે. આજે યુનિવર્સિટી,મેડિકલ કોલેજ, અન્ય શૈક્ષણિક સંસ્થાઓને કારણે વિસનગર સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. અનેક વેપાર ધંધાઓ ખૂબ જ સારી રીતે ચાલી રહ્યા છે. આજનું વિસનગર કંઈક અલગ ભાસી રહ્યું છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ગામ વડનગર થી નજીકનું આ વિસનગર હાલ વિકાસ... વિકાસ... અને વિકાસ... વિશ્વાસ સાથેનો વિકાસ અહીંયા દેખાઈ રહ્યો છે. જેના કારણે પ્રખર ભાજપ પક્ષનો પાયાનો કાર્યકર ફક્ત અને ફક્ત આજે વિસનગરમાં પ્રકાશ પટેલ દેખાઈ રહ્યો છે. આખા તાલુકાએ તેમનું દીલ જીતી લીધું છે. કોઈ ની શિક્ષણ ફી માફ કરવાની ,દવા નું બીલ માફ કરવાનું હોય.. કે.. કોરોના કાળ નો સમય હોય.. કે પછી લઘુમતી કોમના ફુડ પોઈઝનિંગ ના કેસ માં ૭૦૦ થી વધારે માણસો ને મફત દવા આપી બેઠા કરવાનું કામ રાતે અંધારામાં પણ કર્યું છે. જેથી દરેક કોમ, દરેક ધર્મ તેમને આજે સહર્ષ સ્વીકારી રહ્યું છે. તેમણે ક્યાંય પણ પાછું વાળીને જોયું નથી.જો તેમની દેશભક્તિની તમને એક વાત કરું તો કાશ્મીર ફાઈલ ફિલ્મ ૧૦૦૦ ટિકિટ ફ્રી માં લઈને થિયેટરમાં લોકોને બતાવવાનું કામ આ આદમી કર્યું હતું,ફક્ત સેવા તેમનો એક મંત્ર રહ્યો છે. ત્યારે આજે આખું વિસનગર તેમને પોતાના નવા ધારાસભ્યની રૂપે જોઈ રહ્યું છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ નો જન્મદિવસ હોય કે આર.એસ.એસ.ની શાખા નો કાર્યક્રમ હોય.. કે.. કોઈપણ ભાજપ પક્ષ ના કાર્યક્રમમાં શ્રી પ્રકાશભાઈ નો બહોળો ફાળો રહ્યો છે.તેઓ હર હંમેશ માટે તન ,મન ,ધન થી આગળ રહીને હંમેશાં સેવા કરી રહ્યા છે, તેમની પાટીદાર કોમમાં પણ ખૂબ જ પ્રભુત્વ તેમને જમાવ્યું છે. લોકો તેમના દાદાની નજરથી તેમને પણ આજે જોઈ રહ્યા છે. મેં



ઘણા ગરીબ પરિવારજનોના મુખે પણ સાંભળ્યું છે કે વિસનગરનો દાતાર એક પ્રકાશભાઈ પટેલ જ છે. આવા સેવાકીય પ્રભુત્વ ધરાવતા એક અનેરા માનવીને ભાજપ પક્ષ બિરદાવશે તો ચોક્કસ અને ચોક્કસપણે વિસનગર ની સીટ ભાજપની જ હશે. તેમાં કોઈ જ શંકા કરવાની જરૂર નથી. બહુજ જોરદાર લીડ આપીને સામેના પક્ષ ના ઉમેદવારને હરાવીને એક જબરજસ્ત તાકાત ધરાવતો આ માનવી પ્રચંડ વેગથી ઉભરાઈ આવશે. આ સર્વે અમારા કમલમ ન્યુઝ.ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું અખબાર. જેના વિસનગર તાલુકાના પ્રતિનિધિએ કરેલો છે.

# અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી ની સુરેન્દ્રનગર કલેકટર કચેરી ખાતે બદલી

**કલેકટર કચેરી ના ઉત્સાહી જિલ્લા આયોજન અધિકારી ની બદલી**



કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચાર વર્ષથી પ્રશંશનીય કામગીરી બજાવી રહેલા જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી ની વિધાનસભા ચુંટણી ને ધ્યાને લઈને જાહેર હિતમા સુરેન્દ્રનગર જીલ્લા આયોજન અધિકારી તરીકે બદલી કરવામાં અરવલ્લી જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટે સતત પ્રયત્નશીલ કર્મઠ અધિકારી ની ખોટ પડશે . સમગ્ર રાજ્ય મા અરવલ્લી અવ્વલ નંબરે રહે તે માટે રાજ્ય સરકારશ્રી ની જાહેરહિતની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ નો સમયસર અસરકારક અમલ કરાવી આગવી ઓળખ ઉભી કરી સમગ્ર રાજ્ય મા અરવલ્લી જિલ્લા નું ગૌરવ વધે તે પ્રકારની કામગીરી કરી પ્રજામાં પ્રશંસા મેળવી હતી. કલેકટર કચેરીમાં મૂળભૂત જરૂરિયાતો સંદર્ભે મળતી રજૂઆતોનો યોગ્ય નિકાલ કરી મુલાકાતીઓ ને યોગ્ય માર્ગદર્શન આપી વહીવટી તંત્ર મા પ્રજા નો વિશ્વાસ વધે તે કોઈ પણ ધાક ધમકી કે રાજકીય દબાણ ને વશ થયા વિના પોતાની ફરજ ખંત પ્રમાણિકતા અને નિષ્ઠા પૂર્વક બજાવી રહ્યા હતા . અરવલ્લી જિલ્લા મા મિલનસાર નીડર અને બાહોશ અધિકારી તરીકે ની આગવી પ્રતિષ્ઠા ઊભી કરી હતી .અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતર મા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુ માટે શામળાજી વિષ્ણુ મંદિરે મહાપૂજા કરી હતી .એટલું જ નહિ સરકારશ્રી ના અંગ દાન મહાદાન કાર્યક્રમ ની સફળતા માટે યોજવામાં આવેલ જિલ્લાના લોકજાગૃતિ માટે ના કાર્યક્રમમા સહભાગી બનવા જિલ્લાની જાહેર જનતા ને અનુરોધ કરતા જોવા મળેલ હતા આમ તેઓ અનેક પ્રકારે પ્રશંશનીય કામગીરી બજાવી રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, NewGreencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028